# ગાંધીનગર સંદેશ

રવિવાર, તા.૧૪-૭-૨૦૧૩ | ... | gandhinagar@sandesh.com


મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા મેલેરિયાની ટીમે બાંયો ચડાવી

# વૃક્ષયાત્રાના પ્રથમ દિવસે ૨૨થી ૨૫ હજાર રોપાઓનું વિતરણ થયું

**શેરીએ શેરીએ રોપાઓનું વિતરણ કરાયુ : શાળા કોલેજોના સ્વયંસેવકોનું અભૂતપુર્વ યોગદાન**

ગાંધીનગર, શનિવાર

ગાંધીનગર વન વિભાગ દ્વારા આજથી બે દિવસનો વૃક્ષયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દરવર્ષની માફક આ વર્ષે પણ વૃક્ષયાત્રાને પાટનગરની પ્રજાએ વધાવી લીધી છે. વૃક્ષયાત્રાને શહેરભરમાંથી પ્રચંડ આવકાર મળી રહ્યો છે. આ યાત્રા દરમિયાન વનવિભાગ દ્વારા મફત રોપાઓનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. પ્રથમ દિવસે સેક્ટર- ૧ થી ૧૫ અને વાવોલ ખાતે હજારો રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું.







વન વિભાગ દ્વારા દરવર્ષે શહેરમાં વૃક્ષયાત્રાનું આયોજન કરવામાં આવે છે. લોકો પર્યાવરણ પ્રત્યે જાગૃત બને અને પાટનગરની ગ્રીનરી જળવાઈ રહે તે હેતુથી આ વૃક્ષયાત્રાનું આયોજન થાય છે. વૃક્ષયાત્રા દરમિયાન વનવિભાગ મફત રોપાઓનું વિતરણ કરે છે. બે દિવસની આ યાત્રાનો આજથી રાજભવન સ્થિત નર્સરીમાંથી પ્રારંભ થયો હતો. વૃક્ષયાત્રા દરમિયાન શેરીએ શેરીએ ફરી લોકોને રોપનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આ માટે ૧૯ ઉંટલારીઓ અને એક ટ્રેક્ટરને કામે લગાવવામાં આવ્યા છે. ઉંટલારીઓને આકર્ષક રીતે શણગારવામાં આવી છે. આજે પ્રથમ

રહે તે હેતુથી આ વૃક્ષયાત્રાનું આયોજન થાય છે. વૃક્ષયાત્રા દરમિયાન વનવિભાગ મફત રોપાઓનું વિતરણ કરે છે. બે દિવસની આ યાત્રાનો આજથી રાજભવન સ્થિત નર્સરીમાંથી પ્રારંભ થયો હતો. વૃક્ષયાત્રા દરમિયાન શેરીએ શેરીએ ફરી લોકોને રોપનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આ માટે ૧૯ ઉંટલારીઓ અને એક ટ્રેક્ટરને કામે લગાવવામાં આવ્યા છે. ઉંટલારીઓને આકર્ષક રીતે શણગારવામાં આવી છે. આજે પ્રથમ

દિવસે સેક્ટર-૧ થી ૧૫ અને વાવોલ ગામમાં વૃક્ષયાત્રા ફરી હતી. જેમાં હજારો રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ યાત્રામાં લોકોનો ઉત્સાહ પણ અભુતપુર્વક રહ્યો હતો. આ અંગે ડીએફઓ ભાવિન વ્યાસે જણાવ્યુકે, વરસાદ હોવા છતા વૃક્ષયાત્રાને પાટનગરની પ્રજાએ પ્રચંડ આવકાર આપ્યો છે. વૃક્ષયાત્રામાં સ્વયંસેવકો તરીકે જોડાયેલા કોલેજના વિદ્યાર્થીઓમાં પણ અભુતપુર્વક ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉંટલારીઓ સાથે આ સ્વયંસેવકો પણ જોડાયા હતા. જેઓએ ઘરે ઘરે ફરીને રોપાઓનું વિતરણ કરવામાં અદમ્ય ઉત્સાહ દર્શાવ્યો હતો. ઉલ્લેખનીય છેકે, ગત વર્ષે બે દિવસની વૃક્ષયાત્રા દરમિયાન શહેરમાં ૫૫ હજાર રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ વર્ષે પણ ગત વર્ષથી વધુ રોપાઓનું વિતરણ કરવાનું આયોજન છે. આવતીકાલે વૃક્ષયાત્રા સેક્ટર-૧૬ થી ૩૦ ઉપરાંત જીઆઈડીસી અને જીઈબી કોલોની વિસ્તારમાં ફરશે.

## ફળ, ફૂલના રોપાઓની વધુ ડિમાન્ડ

વૃક્ષયાત્રા દરમિયાન લોકોમાં ફળ-ફુલના રોપની વધુ ડિમાન્ડ જોવા મળી હતી. વન વિભાગ દ્વારા ગુલાબ, મોગરો, જુઈ, ચમેલી, ઉપરાંત મીઠો લીમડો, લીમડો, આસોપાલવ, તુલસી, કોર્ટન, ગોલ્ડન મેંદી ઉપરાંત જાંબુ, દાડમ જેવા ફળાઉ રોપાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ડીએફઓ ભાવિન વ્યાસે જણાવ્યુકે, ઉપરોક્ત રોપાઓમાંથી ફળફુલના રોપાઓની લોકોમાં વધુ ડિમાન્ડ જોવા મળી હતી.

## એકસો સ્વયંસેવકોનું સમયદાન

વૃક્ષયાત્રામાં એકસો જેટલા સ્વયંસેવકોએ પોતાનો સમયદાન કરવાની તત્પરતા દાખવી હતી. યાત્રામાં ૩૩ જેટલા કાયમી સ્વયંસેવકોએ જોડાયા હતા. જ્યારે બીજા નવા સ્વયંસેવકોએ આ યજ્ઞમાં પોતાનું યોગદાન આપવાનું બીડું ઝપડ્યું હતું. કાયમી સ્વયંસેવકોને વનવિભાગ દ્વારા ઈકોફ્રેન્ડ ગ્રીન કલરની ટીશર્ટ આપી હતી. જ્યારે અન્ય નવા સ્વયંસેવકોને પ્રમાણપત્ર આપી તેમની સેવાને બીરદાવવામાં આવશે.